## તંત્ર અત્યાર સુધી શું કરતું હતું?

**રાજકોટની** દુર્ઘટના પછી પણ ચેકિંગ ઝુંબેશ ચાલી હતી ત્યારે પણ શું ફાયર વિભાગના અધિકારીઓ સેટિંગમાં બેસી ગયા? હવે બે-બે યુવતીના ભોગ પછી જવાબદારોને સજા થશે ?

સુરતઃ સિટીલાઈટ રોડના જીમમાં આગની દુર્ઘટનાને સુરતના તક્ષશિલા કાંડની યાદ તાજી થઈ છે. જેમ તક્ષશિલા કોમ્પ્લેક્ષમાં પણ ડબલ ઊંચાઈએ સ્લેબ લઈ ટ્યુશન કલાસિસની અંદરથી જ દાદર બનાવી ઉપરનો માળ લીધો હતો, તેમ શિવપૂજા અભિષેકમાં ચાલતા સનસિટી જીમમાં પણ અંદરથી માળ બનાવી એક જ દાદર અવર-જવર માટે રખાયો હતો અને ઉપરના માળે 10થી વધુ રૂમો બનાવી સ્પા ચાલતું હતું, રૂમોમાં કાચના દરવાજા બનાવી વોશરૂમ પણ બનાવાયા હતા, જે શંકાસ્પદ છે. વળી ઈમરજન્સી માટે અન્ય કોઇ દાદર નથી. મનપાએ ફાયર એનઓસી રિન્યુ કરાવવા નોટીસ આપી હતી ત્યારબાદ કોઇ તપાસ કરી નહોતી. રાજકોટની દુર્ઘટના બાદ ફાયર એનઓસી,બીયુસી મામલે જે ચેકિંગ અભિયાન ચાલ્યું ત્યારે કેમ સબંધિત અધિકારીઓના ધ્યાનમાં ના આવ્યું? વગેરે શંકાના વમળો ઉભા કરે છે. આ હોનારતમાં સઘન તપાસ કરીને મનપા તેમજ ફાયર વિભાગ સહિત જે કોઈપણ જવાબદાર હોય તે તમામને પકડવામાં નહીં આવે તો આગામી દિવસોમાં ફરી આવી જ રીતે આગની ઘટનાઓ બનતી રહેશે.

### જીમ બંધ હતું પરંતુ લાભપાંચનું મુહુર્ત સાચવવા સાફ સફાઇ માટે ખોલ્યું હતું

જ્યાં આગ લાગી હતી તે સનસિટી જીમ હાલમાં વેકેશનને કારણે બંધ હતું. પરંતુ આજે લાભપાંચમ નિમિત્તે તે ચાલુ કરવાનું હોવાથી તેને સફાઈ માટે ખોલવામાં આવ્યું હતું. જોકે, શોર્ટ સર્કિટથી આગ લાગી અને ધુમાડો ઉપર અમૃતિયા સ્પા એન્ડ સુલન સુધી ફેલાયા હતા અને ઉપર ફસાયેલી બે યુવતીઓના મોત થયા હતા.

# તક્ષશિલા જેવું જ ગેરકાયદે બાંધકામ-ફાયર સેફ્ટીનો અભાવ

## સિટીલાઈટના જીમમાં લાગેલી આગ બુઝાયા બાદ ભ્રષ્ટાચારના હાડપિંજર બહાર આવ્યા





આગને બુઝાવ્યા બાદ ફાયરે અંદર જઈને તપાસ કરી ત્યારે ખબર પડી કે ગેરકાયદે બાંધકામની સાથે ફાયર સેફ્ટીનો પણ અભાવ હતો, એનઓસી પણ રિન્યુ થઈ નહોતી. અંદરથી માળ બનાવીને બારોબાર દાદર પણ બનાવી દેવામાં આવ્યો હતો. વેન્ટિલેશન પણ રખાયું નહોતું. **(તસવીરઃ હેમંત ડેરે)**

## મોતને ભેટનારી બે યુવતી પૈકી એકનો આજે નોકરીનો પ્રથમ જ દિવસ હતો, બીજી 15 દિવસ પહેલા જ નોકરીએ લાગી હતી

**સુરત : આગની દુર્ઘટનામાં મોતને ભેટલી બે યુવતીઓ બાબતે એક ચોંકાવનારી વિગત મળી હતી કે, મનીષા પુર્ણ બદ્ર દમાઇ નામની જે યુવતી આગમાં ફસાયા બાદ ગુંગણામણથી મોતને ભેટી તે 15 દિવસ પહેલા જ અમુતિયા સ્પા એન્ડ સલુનમાં નોકરી પર લાગી હતી. જયારે બીજી યુવતી બીનુ હાંગ્મા લીમ્બુનો તો આજે નોકરીનો પહેલો દિવસ જ હતો. બંને હતભાગી યુવતીઓ પશ્ચિમ સિક્કીમથી રોજીરોટી માટે સુરત આવી હતી પરંતુ કાળનો કોળિયો બની ગઇ હતી.**



મનિષા પૂર્ણબદ્ર દમાઈ(ઉ.વ.33) (મૂળ રહે.,માર્કંગ, પી.ડબલ્યુ. ચુજાચેન, પૂર્વ સિક્કિમ)



બિનુ હાંગ્મા લીમ્બુ (ઉ.વ.30) (મૂળ રહે., માંગુગ, સોપાખા,પો. ઉત્તરે, જિ. પશ્ચિમ સિક્કિમ)

### આગનો મામલો રફે-દફે કરવા જીમ સંચાલકના ઉધામાની ચર્ચા

આગની દુર્ઘટનામાં બે યુવતીઓના મોત બાદ જીમ અને સ્પા સંચાલકોને પોલીસ લઇ ગઇ હતી. જો કે એવી પણ ચર્ચા ઉઠી હતી કે મામલો રફે દફે કરવા માટે જીમ અને સ્પાના સંચાલકો, બિલ્ડર અને તેના મળતીયાઓ દ્વારા ઉધામા શરૂ થયા હતા. રાજકીય વગ વાપરીને આ મામલામાં અકસ્માત ગુનો દાખલ થાય અને તમામ લોકો બચી જાય તેવા પ્રયાસો થઇ રહ્યા હોવાની પણ ચર્ચા ઉઠી હતી.

### આગની ઘટનાને પગલે મેયર અને ફાયર સમિતિ ચેરમેન દોડી ગયા

આગની ઘટનાની જાણ થતા જ મેયર દક્ષેશ માવાણી અને મનપાની લાઇટ એન્ડ ફાયર સમિતિના ચેરમેન ચિરાગ સોલંકી તેમજ પાણી સમિતીના ચેરમેન હિમાંશુ રાઉલજી ઘટના સ્થળે દોડી ગયા હતા. સ્થળ મુલાકાત બાદ અહી ચાલતા જીમ અને તેની સાથે સંકળાયેલા સ્પા એન્ડ સલુનની કાયદેસરતા બાબતે શંકા ઉઠી હોય મનપાના અધિકારીઓને તુંરત તપાસનો આદેશ આપ્યો હતો.

### આગ લાગી ત્યારે સ્પામાં બે ગ્રાહક હતા, પણ ભાગી ગયાની ચર્ચા

આગ લાગવાનો કોલ ફાયર કંટ્રોલને સાત વાગ્યા બાદ મળ્યો હતો, પરંતુ ખરેખર આગ પાંચ વાગ્યે લાગી હતી અને ત્યારે બે ગ્રાહક સાથે બે સ્પા ગર્લ અને અન્ય બે યુવતીઓ તેમજ હાઉસ કીપર હાજર હતા એવી પણ ચર્ચા ઉઠી છે. ચર્ચાતી વિગતો મુજબ જ્યારે જીમમાં આગ લાગી ત્યારે ઉપર સ્પાના રૂમોમાં મૃતક બે સ્પા ગર્લ ગ્રાહકો સાથે અંદર હતી અને હાઉસ કીપર ચેતન તેમજ અન્ય બે યુવતી બહાર હતી. આગ લાગતા હાઉસ કીપર ચેતને ત્યાં મુકેલા ફાયર ઇકવીપમેન્ટ્સના ત્રણ સીલિન્ડરથી આગને કાબુમાં લેવા પ્રયત્ન કર્યો હતો. જો કે આગ ઓલવાયા બાદ વારંવાર લાગતી હતી. તેથી ચેતને તેની સાથેની બન્ને યુવતીઓ સાથે બહાર નીકળી ગયો હતો. જ્યારે બે યુવતી સ્પામાં ગ્રાહક સાથે હોવાથી બહાર નીકળી શકી નહોતી. સ્પામાં આવેલા ગ્રાહકો ઝડપથી કપડા પહેરી બહાર નીકળી ગયા હતા, જ્યારે તેની સાથેની બન્ને યુવતીઓ રૂમમાં જ પુરાઇ રહી હતી. ગભરાઇ ગયેલી યુવતીઓએ વોશરૂમમાં પુરાઇ જઇ આગ ત્યાં સુધી ના આવે તે માટે શાવર ચાલુ કરી દીધા હતા. પરંતુ ધુમાડાના કારણે ગુંગળાઇને મોત પામી હતી. આ ઘટનામાં જો પોલીસ તટસ્થ તપાસ કરે તો સ્પા અને જીમની સાથે બીજુ શું ચાલતું હતું, તેનો પણ પર્દાફાશ થવાની શકયતા ચર્ચાઇ રહી છે.

### ફાયર એનઓસી મુદ્દે જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરાશે : મેયર માવાણી

ઘટના સ્થળે દોડી ગયેલા મેયર દક્ષેશ માવાણીએ દુર્ઘટના મુદ્દે દુઃખ વ્યકત કર્યુ હતું અને જણાવ્યું હતું કે, ફાયર એનઓસી રિન્યુ કરવા માટે મનપાના ફાયર વિભાગે નોટીસ ફટકારી હતી. ફાયર એનઓસી સરકારી એજન્સી રિન્યુ કરે છે. પરંતુ તેનું પાલન થયું છે કે નહી તે તપાસવાની જવાબદારી સુરત મનપાના ફાયર વિભાગની છે, તેથી આ ઘટનામાં જે અધિકારીની જવાબદારી બનતી હશે. તેની સામે કાર્યવાહી કરી દાખલો બેસાડાશે.

# મહિધરપુરામાં 1.45 કરોડનું સોનું ચોરનારા છ ઝડપાયા, રિફાઇનરી સંચાલક વિરુદ્ધ પણ ગુનો નોંધવા તજવીજ

**મેઝારિયા** જ્વેલર્સમાં મોડી રાત્રે ત્રાટકેલા છ તસ્કરે સોનાની ડસ્ટ ચોરી હતી, પોલીસે દબોચી લીધા

**ચોરાયેલા** સોના કરતાં વધુ રકમનો વીમો પકવવા સંચાલકે પણ ગુનો કર્યો ને ભેરવાઇ ગયો




સુરતઃ વસ્તાદેવડી રોડ પર જીનવાલા ઉદ્યોગ બિલ્ડિંગના પહેલા માળે મેઝારીયા જ્વેલર્સમાં મોડી રાત્રે તસ્કરો ત્રાટક્યા હતા. તસ્કરો 1.45 કરોડની શુદ્ધ સોનાની 1822 ગ્રામ ડસ્ટ ચોરી ફરાર થઈ ગયા હતા. ડસ્ટ ચોરીની જાણ થતાં જ પોલીસ દોડતી થઇ હતી. પોલીસે જ્વેલર્સમાં કામ કરતા કારીગર સહિત 6 આરોપીને ઝડપી પાડ્યા છે. સમગ્ર ઘટનામાં ચોંકાવનારો મુદ્દો એવો રહ્યો છે કે ફેક્ટરીના સંચાલકે વધુ રકમનો વીમો પકવવાની લ્હાયમાં ચોરી થયેલી ડસ્ટ કરતાં વધુ રકમની ચોરીની ફરિયાદ લખાવી હતી. જેથી હવે સંચાલક સામે પણ ગુનો નોંધાય એવી ગતિવિધિ જોવા મળી રહી છે.

જીગ્નેશભાઈ, મહિધરપુરા ગોટાલાવાડી વિસ્તારમાં મેઝારિયા જ્વેલર્સ નામે ગોલ્ડની જ્વેલરી બનાવવાની ફેક્ટરી ચલાવે છે. આ ફેક્ટરીને ગઈ મોડી રાત્રે તસ્કરોએ ટાર્ગેટ કરી હતી. રાત્રિના સમયે તસ્કરો દોઢ કરોડના ગોલ્ડ પાવડરની ચોરી કરી ગયા હતા. બોઇલરની અંદર આ ગોલ્ડ પાવડર હતો, જેને આ તસ્કર દ્વારા કાઢી લેવામાં આવ્યો હતો અને ત્યારબાદ તે લઈને એક્ઝોસ્ટ ફેનમાંથી જ ફરી બહાર નીકળીને ફરાર થઈ ગયો હતો. મહીધરપુરા પોલીસે સીસીટીવી કેમેરા ફૂટેજ મેળવી તપાસ શરૂ કરી હતી. ચોરીમાં કોઈ જાણભેદુ હોવાની આશંકા સાથે પોલીસે તપાસ દરમિયાન રીફાયનરીમાં કામ કરતા અન્નુકુમાર માતા પ્રસાદ નીશાદ (રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ અમરોલી) સહિત 6 લોકોને ઝડપી પાડ્યા છે.

ચોરીની સમગ્ર ઘટનામાં ચોરીની રકમના મુદ્દે ખુદ સંચાલક ભેરવાઈ ગયો છે અને પોલીસે સંચાલક વિરુદ્ધ જ ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

### ચોરી કરવામાં પકડાયેલા તમામ છ આરોપી

(૧) અનુકુમાર S/O માતાપ્રસાદ નિશાદ (ઉ.વ.૨૦ ધંધો. નોકરી રહે બ્લોક નં.૩૮૭, ગુજરાત હાઉસિંગ બોર્ડ, અમરોલી સુરત મુળ વતન ગામ દોસ્તપુર બમરોલી તા.કાદીપુર જીલ્લો સુલ્તાનપુર ઉત્તરપ્રદેશ) હાલ મેઝારીયા જવેલ્સ પ્રા. લીમીટેડ"ના રીફાઇનીંગમાં નોકરી કરે છે. (૨) સોનુ S/O રામફલ બિંદ (ઉ.વ.૨૧ ધંધો નોકરી રહે ત્રીલોક માર્કેટ, અખંડાનંદ કોલેજ પાસે, પંડોળ, ચોક બજાર સુરત મુળ વતન ગામ મજગવા તા.કાદીપુર જીલ્લો સુલ્તાનપુર ઉત્તરપ્રદેશ). અગાઉ મુંબઇ અંધેરી પેપર બોક્સ નંદભવન ઇન્ટ્રીઝમાં આવેલ કારા જ્વેલરી નામની સોનાની રીફાઇનરીમાં કામ કરતો હતો, જે કંપની બંધ થઇ જતા છેલ્લા દોઢ માસથી સુરત આવી ગયેલ છે. (૩) સંદિપ S/o રાજુભાઇ બીંદ (ઉ.વ. ૧૮ વર્ષ ૪ મહીના રહે. નીતીનભાઇ કુંભારના મકાનમાં, ત્રિકોલનગર સોસાયટી, પંડોળ, વેડ રોડ, સુરત. મુળ વતન ગામ ઓરીલ કેવટાના થાના પવઇ તા.ફોલપુર જીલ્લો આઝમગઢ). (૪) ક્રિષ્ણા ઉર્ફે કાનો S/O અમરનાથ ગુપ્તા (ઉ.વ.૨૧ ધંધો નોકરી રહે ઘર નં. સી/૧૦૭, શીવ પેલેસ એપાર્ટમેન્ટ, જલારામ સોસાયટી, માન સરોવર, અમરોલી, સુરત મુળ વતન ગામ દેફરા થાના બેલીયાડ જીલ્લો ગોરખપુર ઉત્તરપ્રદેશ). સોનુ, સંદિપ અને ક્રિષ્ના સુરત ડભોલી વેડ રોડ ખાતે રામદેવ એલ્યુમિનીયમ નામની દુકાનમાં બારી-દરવાજા બનાવવાનું કામ કરે છે. (૫) રાહુલ આત્મારામ બિંદ (ઉ.વ.-૨૨ રહે-ખાલીસપુર (મુબારક) તા-કાંદીપુર જી-સુલ્તાનપુર (ઉત્તરપ્રદેશ) જે મુંબઇ જોગેશ્વરી ગૌતમનગરમાં રહે છે અને મુંબઇ અંધેરી પેપર બોક્સ નંદભવન ઇન્ટ્રીઝમાં આવેલ ઉમાં જ્વેલરી નામની સોનાની રીફાઇનરીમાં કામ કરે છે. (૬)રોશન લાલબહાદુર નિશાદ (ઉ.વ.-૧૮ રહે.-ગોવિંદપુર તા-જૈસીંગપુર જી-સુલ્તાનપુર (ઉત્તરપ્રદેશ) જે બાકર રખડતો હોય અને ૨૧/૧૦/૨૦૨૪ના રોજ સુરત ખાતે કામની શોધમાં આવેલ હતો અને સંદિપ બિંદ સાથે રહે છે.

### રિફાઇનરીમાં નોકરી કરતા અનુકુમારે જ અન્ય આરોપીઓને ટિપ આપી હતી

આરોપીઓને 26મીના રોજ "મેઝારીયા જવેલ્સ પ્રા. લીમીટેડ" ના રીફાઇનીંગ વિભાગમાં વધુ પ્રમાણમાં સોનામાંથી પ્યોરીફીકેશન થઇ ગયેલ પાવડર ફોર્મનુ સોનુ જે સ્ટરલાઇઝ થવા માટે અલગ-અલગ બિકર તથા ડોલોમાં પડેલ હોવાની ટીપ્સ મળતા ચોરી કરવાનો પ્લાન બનાવ્યો હતો. આરોપી અનુકુમારે ટીપ આપતા તમામ આરોપીઓ ચોરી કરવા માટે દિવસ દમ્યાન એન્ટ્રી એક્ઝીટના રસ્તાઓ ચેક કરી રાત્રીના સમયે "મેઝારીયા જવેલ્સ પ્રા. લીમીટેડ" ના પાછળના ભાગેથી આવી ઝાડ ઉપરથી કંપનીના છત્તા ઉપર આવી છત્તના ભાગે વેન્ટીલેશન માટે ગોઠવેલ એક્ઝોસ્ટ ફેનની જગ્યા તોડી ગોલ્ડ રીફાઇનીંગ વિભાગમાં પ્રવેશ્યા હતા અને ચોરીને અંજામ આપ્યો હતો.

### મેઝારિયામાં રાત્રે સિક્યોરિટી જ ન હતી, આરોપીઓએ એક મહિના રેકી કરી ચોરીને અંજામ આપ્યો

આરોપીઓ અગાઉ સુરત તેમજ મુંબઇ ખાતે કામ કરતા હોવાથી કાચા સોનાને 24 કેરેટનું સોનું તૈયાર કરવાની સંપૂર્ણ પ્રોસિજરથી માહિતગાર હતા. જેથી તમામ આરોપીએ કોઇ સોનાની રીફાઇનરીમાં વધુ પ્રમાણમાં સોનાનો સ્ટોક આવે ત્યાંથી ચોરી કરવાનો છેલ્લા એક માસથી પ્લાન બનાવી સોનાની અલગ-અલગ રીફાઇનરીઓમાં રેકી કરી હતી. જે દરમિયાન મહિધરપુરા ખાતે આવેલ "મેઝારીયા જવેલ્સ પ્રા. લીમીટેડ"નામની કંપનીમાં રાત્રીના સમયે સિક્યુરીટી ન હોય ત્યારે ચોરી કરવાનો પ્લાન કર્યો હતો. આરોપી અનુકુમાર નિશાદ જે "મેઝારીયા જવેલ્સ પ્રા. લીમીટેડ"ના રીફાઇનીંગ વિભાગમાં નોકરી કરતો હતો. જેને આ કંપનીમાં વધુ પ્રમાણમાં સોનું આવે ત્યારે જાણ કરવાનું તમામ આરોપીઓએ જણાવેલ હતું.

### યુપીના સુલતાનપુરથી સોનુએ અનુને ટીપ આપવા જણાવ્યું

મહિધરપુરામાં જે યુનિટમાં ચોરી થઇ તેમાં અનુ સફાઇનુ કામ કરતો હતો. તેણે સોનુને અહીં કરોડોનો માલ ભઠ્ઠીમાં આવતો હોવાનુ જણાવ્યુ હતુ. દસ હજાર પગારમાં તો કેવી રીતે ગુજરાન ચાલશે. તેમ જણાવીને તેણે સોનુને સુરત આવવા માટે જણાવ્યુ હતુ. જ્યારે અનુએ સોનુને ટીપ આપી ત્યારે તેઓ ચોરી કરીને બાય ટ્રેન યુપી ભાગી ગયા હતા.

### પોલીસે બે આરોપી પાસેથી 87.95 લાખનું સોનું જપ્ત કર્યું

આરોપી ક્રિષ્ના ઉર્ફે કાનો અમરનાથ ગુપ્તા તથા સંદિપ રાજુભાઇ બીંદ પાસેથી 403.59 ગ્રામ સોનું, આરોપી રોશન તથા રાહુલ પાસેથી 695.870 ગ્રામ સોનું મળી કુલ્લે 1099.46 ગ્રામ સોનું રીકવર કર્યું છે.

### આરોપીઓને જ ખબર જ ન હતી કે તેમની પાસે 89 લાખનું સોનું છે

મહિધરપુરામા પકડાયેલા આરોપીઓ પાસેથી જ્યારે માલ જપ્ત કરાયો ત્યારે પોલીસે તેઓ પાસેથી 90 લાખનો માલ સીઝ કર્યો હતો. દરમિયાન પોલીસે પકડાયેલા તમામ આરોપીઓને પૂછ્યુ કે તમારી પાસે કેટલાનું સોનું છે. તો આ લોકોએ પાંચ થી છ લાખનું હોવાનુ જણાવ્યુ હતુ. પોલીસે જ્યારે આ લોકોને જણાવ્યું કે તમારી પાસે 89 લાખનું સોનું છે ત્યારે આ પાંચ આરોપીઓએ માથુ પકડી લીધુ હતું. તેઓને છ લાખનો માલ હોવાનો અંદાજ હતો. આ લોકોએ પોલીસ આગળ કબૂલાત કરી હતી કે તેઓ પાસે આટલી કિંમતનો માલ છે તે તેઓને ખબર જ ન હતી.

### હજુ એક આરોપી વોન્ટેડ

પીઆઇ ચૌહાણે જણાવ્યુ હતુ કે આ કેસમાં હજુ એક આરોપી વોન્ટેડ છે તેની પાસે 200 ગ્રામ સોનુ છે હાલમાં તો પોલીસે સો ટકા રીકવરી કરી છે.

### માલ હરિયાણાના જ્વેલર્સનો હતો

પાંચ આરોપીઓએ ભઠ્ઠીમાં આવેલા માલની જે ચોરી કરી હતી. તે માલ હરિયાણાના જ્વેલર્સનો હતો. હાલમા મૂળ માલિક દુબઇમાં છે. ફરિયાદમાં 32 લાખનુ વધુ સોનુ જે લખાવાયુ છે. તે મૂળ માલિક તથા હરિયાણાના જ્વેલર્સ આવ્યા બાદ જ માલુમ પડશે.

# કચરો સળગાવતા પાર્ક કરેલા ટેમ્પોમાં આગ ભભૂકી

**મોડી** રાત્રે પાલનપુર પાટિયા સ્થિત સંત તુકારામ સોસાયટી પાસે સળગતા કચરામાં ફટાકડાને કારણે આગ લાગતા ટેમ્પોનો આગળનો ભાગ બળીને ખાખ થઈ ગયો

સુરત : શહેરના પાલનપુર પાટીયા વિસ્તારમાં મંગળવારે મોડી રાત્રે એક થ્રી વ્હિલ ટેમ્પોમાં આગ લાગી ગઈ હતી. અને જોત જોતામાં ટેમ્પો ભડભડ સળગવા લાગ્યો હતો. સ્થાનિકોએ બનાવની જાણ ફાયર કંટ્રોલને કરતા પાલનપુર ફાયર સ્ટેશનનાં જવાનો ઘટના સ્થળે પહોચ્યા હતા.

પ્રાપ્ત જાણકારી મુજબ, પાલનપુર પાટિયા સ્થિત સંત તુકારામ સોસાયટી વિભાગ-6 પાસે ટેમ્પોના માલિક મુકેશ ઠક્કરે તેમનો ટેમ્પો પાર્ક કર્યો હતો. ગઈ કાલે રાત્રે 1:30 કલાકે તેમાં આગ લાગવાની શરૂઆત થઈ હતી. આગ આખા ટેમ્પોમાં ફેલાવા લાગી હતી. સ્થાનિક લોકોએ બનાવની જાણ ફાયર કંટ્રોલને કરતા પાલનપુર ફાયર સ્ટેશનનો કાફલો ઘટના સ્થળે પહોચ્યો હતો. ફાયર સબ ઓફિસર કિર્તિ મોઢે જણાવ્યું હતુ કે, ટેમ્પો નજીક કોઈએ કચરો સળગાવ્યો હતો. તેમાં ફટાકડા ફુટતા આગ વધુ ફેલાઈ હોવાથી આગ લાગી હોવાનુ જાણવા મળ્યુ હતુ. બાદમા પાણીનો મારો ચલાવીને ફાયરની ટીમે ગણતરીની મિનિટોમાં જ આગ ઉપર કાબુ મેળવી લીધો હતો. આગ લાગવાથી ટેમ્પોના આગળનો ભાગ બળીને ખાખ થઈ ગયો હતો.

# જલારામ જયંતિની ઉજવણીની તડામાર તૈયારી ઠેર-ઠેર શોભાયાત્રા, અન્નકૂટના આયોજનો

**શહેરના** દરેક જલારામ મંદિરો સહિત બાપાની નાની-મોટી દેરીઓમાં પણ અન્નકૂટ દર્શન, મહા પ્રસાદીનું આયોજન તથા મહા આરતી ઉપરાંત સંતવાણી ડાયરોના આયોજનો કરાશે

**લસકાણા** ડાયમંડ નગર ખાતે પણ વિશાળ શોભાયાત્રા આયોજીત કરાશે

સુરત : કારતક સુદ સાતમ 8 નવેમ્બર, શુક્રવારે સંત શિરોમણી શ્રી જલારામ બાપાની 225મી જન્મ જયંતિ હોઈ ઉજવણીને લઈ સુરતમાં તડામાર તૈયારીઓનો દોર ચાલી રહ્યો છે. લસકાણા જલારામ ધામ મંદિર ખાતે ભવ્ય શોભાયાત્રા, અન્નકૂટ દર્શન, મહા આરતી તેમજ સંતવાણી ડાયરો અને મહા પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સુરતમાં બીજા અનેકો જલારામ મંદિરોમાં પણ જન્મ જયંતિની ઉજવણી ભવ્ય રીતે થશે.

### સવારથી જ વિશેષ કાર્યક્રમ થશે

જલારામ ધામ અન્નપૂર્ણા અન્નક્ષેત્રના જલારામ ધામ મંદિર ખાતે જલારામ બાપાની 225મી જન્મ જયંતિની ભવ્ય ઉજવણી થશે. સવારે 10 વાગ્યે વરાછા રોડ હીરાબાગ પાસે આવેલી ઊર્મિ સોસાયટી ખાતેથી પાલખી શોભાયાત્રા નીકળશે જે જલારામ ધામ મંદિર લસકાણા પહોંચશે. જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાશે. આ ઉપરાંત મંદિર ખાતે સવારે 10 વાગ્યે પૂજા વિધિ, અન્નકૂટ દર્શન, સંધ્યા આરતી સાંજે 6.30 કલાકે અને રાતે 10 કલાકે ભવ્ય સંતવાણી ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે.

### વેસુમાં પંચ કુંડીય શ્રી રામ યજ્ઞનુ આયોજન થશે

વેસુ ખાતે આવેલા શ્રી જલારામ મંદિરમાં પણ જલારામ જયંતિને લઈને અનેક કાર્યક્રમો આયોજીત કરાયા છે. આ દિવસે મંદિરનો 20મો પાટોત્સવ પણ આવી રહ્યો હોવાથી ભક્તોમાં અનેરો ખુશીનો સંચાર થયો છે. મંદિરના આગેવાનોએ જણાવ્યું હતુ કે, જયંતિની તૈયારીઓ ખુબજ જોર શોરમાં ચાલી રહી છે. સવારે મંદિરનાં પ્રાંગણમાં પંચ કુંડીય શ્રી રામ યજ્ઞનુ આયોજન થશે. ઉપરાંત ભંડારો તથા બીજા અનેકવિધ સામાજીક કાર્યો પણ આયોજીત કરાશે. સાલગીરી નિમિત્તે જાહેર જનતાને દર્શન તથા ભંડારાનો લાભ લેવા માટે અપીલ કરાઈ છે.

### બાલાજી રોડના જલારામ મંદિર ખાતે જયંતિ નિમિત્તે અન્નકૂટ દર્શન અને ભંડારો યોજાશે

સુરતઃ આગામી તા.8મીના રોજ જલારામ બાપાની 225મી જન્મજયંતિ નિમિત્તે બાલાજી રોડ, બુંદેલાવાડ ખાતે આવેલા જલારામ મંદિરમાં ભક્તો માટે ભવ્ય અન્નકુટ દર્શન સવારે 6 થી રાત્રે 12 અને જાહેર ભંડારો બપોરે 11 થી 2ના સમય દરમિયાન રાખવામાં આવ્યો છે. જલારામ સેવા મંડળ દ્વારા વર્ષોથી સમાજપયોગી કાર્યો કરવામાં આવે છે.

# વેસુ વીઆઇપી કન્સ્ટ્રક્શન સાઇટ પરથી ચોરી

**સાઈડ** પરથી 1.23 લાખની એલિવેશન માટેની એલ્યુમિનિયમ સેક્શનના પાઈપોની ચોરી

સુરતઃ વેસુ વીઆઇપી રોડ પર એક નવનિર્મિત બાંધકામની સાઇડ પરથી અજાણ્યા ઈસમો એલ્યુમિનિયમ સેક્શનની 256 નંગ પાઇપ ચોરી ગયા હતા.

એલિવેશનને લગતું કામ કરતી ગોરોન ફસાદ સોલ્યુશન નામની એલિવેશન કંપનીમાં ભટારના સુભાષ નગરમાં રહેતા મૂળ ઇન્દોરના 28 વર્ષીય સુનીલ પંડરી વર્મા મેનેજર તરીકે કામ કરે છે. હાલ કંપનીનું એલિવેશને લાગતું કામ વેસુ વીઆઈપી સ્ટોલવોટ ઈસીંગનીયા નામની નવી બનતી બિલ્ડીંગમાં ચાલે છે. ગત 25 મીની સાંજે સુનીલે કામ પતાવી એલ્યુમિનિયમ સેક્શનના સ્ટોકની ગણતરી કરી લીધી હતી. જે ગણતરી કરતાં તેમની પાસે એલ્યુમિનિયમ સેક્શનના પાઈપ નંગ- 256 સ્ટોકમાં હતી. બીજા દિવસે ગત રોજ ગણેલા પાઇપનો સ્ટોક સાઈડ ઉપર જોવા મળ્યો ન હતો. જેથી સુનીલે આસપાસ પાઇપની તપાસ કરતાં પાઇપનો સ્ટોક મળી આવ્યો ન હતો. જેથી કોઈ અજાણ્યો સાઈડમાં પ્રવેશી 1.23 લાખની કિંમતની એલ્યુમિનિયમ સેક્શનની પાઈપ નંગ- 256 ચોરી કરી ગયો હોવાનું માલમ પડ્યું હતું. ઉમરા પોલીસે સુનિલભાઈની ફરિયાદ લઈ અજાણ્યા વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ચોરી પાછળ જાણભેદુ હોવાની શંકાના આધારે તપાસ કરી રહી છે.







